શ્રી.

હિંદુ હોટેલ પુરાણ.

દોહરો.

ગૌરવ ન્યાતી ધર્મનું, ચાહો જેના ચિત્ત.
વાંચી સહુ વિચારશો, નિજ ન્યાત કુળ રીત. ૧

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર.

મેહેતા. ત્રિભુવનદાસ નારણજી કવિ.

રેહેવાસી—**અમદાવાદ.**

આવૃત્તિ બીજી, પ્રત ૫૦૦૦

સંવત ૧૯૬૭ સને ૧૯૧૧

કિંમત રૂ. ૦—૧—૦

અમદાવાદ-ભારતબંધુ પ્રિન્ટિંગ પ્રેસમાં શા. વાડીલાલ મોતીલાલે છાપી

ઉપકારના ઉદ્ગાર.

મી. બુલાખીદાસ છગનલાલ પટેલ.

બુલાખી પટેલે કરોને લંબાવી, મને ચોપડી આ દીધી છે છપાવી.
ખરા જીગરેથી, હું આભાર માનું; પ્રભુ આપજો સુખ આયુ મજાનું. ૧
ખરો ભક્ત આ જક્તમાં છે તમારો સદા ઉરમાં રાખજો પુર્ણ પ્યારો.
.ડયું મન્ન જુદું, નથી જો થવાનું;પ્રભુ આપજો સુખ આયુ મજાનું.

લી. સેવક. **ત્રિભુવનદાસ નારણજી કવિ.**

અર્પણ પત્રિકા.

સુર પ્રિય !

જેઓ પોતાની જ્ઞાતિ અને ધાર્મિક ફરજના ગૌરવથી અલક્ષ છે, જેઓ માત, પિતા, ગુરૂ, ગુરૂવાદિકની શિક્ષા શ્રવણ સ્પર્શ નહિં કરતાં પોતાની સ્વેચ્છાને સ્વતંત્રપણે અમલમાં મુકવા સુદ્રઢ રીતિને અખ્તીયાર કરેલી છે, ભવિષ્યના વિચારોને દ્રષ્ટિગત કરેલા છે, જેમાં સંસારીક, ધાર્મીક અને વ્યવહારીક કાર્યો સાથે શત્રૈવટ ડી સાફલ્યતા મેળવી છે, તનની, મનની અને ધનની જેણે સ્પૃહા ી નથી, સારાસાર, લાભાલાભની જેણે ગરજ રાખી નથી, અહો-નિશ હોટલ મંદિરમાં પધારી નિયમિત હાજરી બતાવી વિજ્યતા મેળવી છે, ખરા અંતઃકરણથી ચાહ અને બીડીની ભક્તિ કરી પોતાના આત્માનું સાર્થક કરેલું છે, તેવા શિરોમણી અને વિર પુરૂષોને આ માહરો અતિ શ્રમવાળો હોટલ પુરાણનો ગ્રંથ પ્રેમ-પૂર્વક અર્પણ કરૂંછું.

લી. સોબતી, **ત્રિભુવનદાસ નારણજી કવિના**
બે હાથ જોડી સાષ્ટાંગ દંડવત પ્રણામ.

શ્રી.

હિંદુહોટેલ પુરાણ.

" લેખકઃ—કવિ ત્રિભૂવનદાસ નારણજી "

" રાગ–કેફી સહીયર જેનો કંથડો "

ચાહ પીઓને પીયો બીડીઓ, ભરી પુરેપુરાં પેટરે;
અવશર ફરીને આવો નહિં મળે, સુણો શાણા મારા શેઠરે. ચાહ.
હોટેલ મંદિર સમ જાણીએરે, જઇએ દિમાં દસવાર;
જેથી થાએરે ભાઇ આપણો, માહા પાપથી ઉધારરે. ચાહ.
હોટેલ પતિને શુદ્ધ ભાવથીરે, ગણો આચારજી એજ;
દરશન કરોને દીવ્ય દેવનાં, આહા ! શુંને તેનું તેજરે. ચાહ.
પૈસો એકેક જો એને દીયોરે, દેશે ચરણામૃત શુદ્ધ;
ગરમ પાણીને ખાંડ ચમચો, ઉપર ટીપું પાડે દૂધરે. ચાહ.
જાણે જગન્નાથ ધામમાંરે, નથી જ્ઞાતીનો ભેદ;
તેવું હોટેલ ભાઇ હાલ છે, કરો નહિં કોઇ ખેદરે. ચાહ.
ચાહ સ્વર્ગ થકી ઉતરીરે, જાણે ગંગાનું નિર;
પીયો તેનેરે પ્યારા પ્રેમથી, ઝટ જવા પેલે તીરરે. ચાહ.
વરણાવરણીને ગણો નહિંરે, હોએ ગમે તે જ્ઞાત;
પીઓ બેસીને એક બાંકડે, રૂડી લડાવતાં વાતરે. ચાહ.
પ્યાલો પીએ જે મુખ કોળીઓરે, તેજ માંડો નિજ મુખ;
લાવો ન શંકા સુગ ચિત્તમાં, ભલે ચોટયાં હોએ થુંકરે. ચાહ.
અતિ ઉત્તમ એંઠવાડમાંરે, મુકો પ્યાલો ને પાય;
રિદ્ધિસિદ્ધિરે જેથી ઘર મહિ, પુરેપુરી ઉભરાયરે. ચાહ.
ગંદો અને ખુબ ગોબરોરે, હોય હોટેલનો ભાગ;
ખુલ્લે દિલેરે તેમાં બેસીએ, જેથી જામે જાડી લાજરે. ચાહ.

અતિ વધે છે આમાં આબરૂરે, કહે સાહેબજી જન્ન;
હોએ ભલેને ભાઇ ગંઠીયા, કેવું માન આ નૂતનરે. ચાહ.
અરજ ધરી અમારી ઉરમાંરે, ખાસ ખલક ખાવિંદ;
વ્હારે ચડયો છે વ્હેલો વિઠલો, સહુ સુધારે છે હિંદરે. ચાહ.
ચાહ પીવાથી થાય ફાયદા રે, જેની ગણના ન થાય;
વધે ન લોહી કદિ દિલમાં, અન્ન ઝાઝું ન જમાય. ચાહ.
ફીકાં પડે છે રૂડાં ફેફસાંરે, થાય તકલાદી ઘાટ;
બંધ પડે છે બહુ ચાલવું, ટળે જવું લાંબી વાટ રે. ચાહ.
સરદી તમામ ચાલી જાય છે રે, તાપ આવે છે ઠીક;
થોડે વખત ખાંસી થાય છે, લાગે ન નિશાચરની બીકરે. ચાહ.
રોજ રહે છે ઉષ્ણુ કાળજ્યું રે, જાણે ઓયલરનું મુખ;
વૃદ્ધપણું ન આવે આપણે, ટળે ઝાઝું જીવ્યા તણું દુ:ખરે. ચાહ.
હરતાં ફરતાં ને સુતાં સાથરે રે, રાખો બીડીના થોક;
કદિ નહિ આવે પાસે આપણી, જીવ લેવા જમલોક રે. ચાહ.
થોડા ઉપાડનાર હોય તોય રે, ચાલે પાલખીનું કામ;
વળી જુવે ન ઝાઝાં લાકડાં, સુણો શાણા સમશાન રે. ચાહ.
ખોટી ન થાય બહુ ખોરતાં રે, જન ડાહ્યુ તે દામ;
ચાહ પીઓને તેજ કારણે, રૂડા લાભથી તમામ રે. ચાહ.
ક્ષય થકી ક્ષય થાય છે રે, વેહેલો આવે છે અંત;
માટે જનો ન કેમ કીજીએ, ચાહ બીડી તણો તંતરે. ચાહ.
ઉના ઉકાળા ખોળજો રે, વહેલા ઉઠી પ્રભાત;
પીજો છોડી ને સહુ છોકરા, વળી બૈરીઓની જાતરે. ચાહ.
બૈરીને બીડીયો ના ધટે રે, લેજો તંબાકુ પાન;
ભરજો મો માંરે દોથે ડુચડા, ડાહી એનો ગુણવાન રે. ચાહ.
ચાહ બીડીના સંગથી રે, થાય કેશરીઓ ઘાટ;

દાણ્ણાં જેવાં રે વધે ડેફરાં, માટે પીઓ દિનરાતરે. ચાહ.
ન્હાતું ધોવું નિરે નહિ પડે રે, નહિં દાતણનું દુઃખ;
વાસી વદન ચાહ બીડીએ, પીવા આપી ચોખી છુટરે. ચાહ.
ઉઠો શય્યાથી જ્યારે આપણે રે, થાય શબવત અંગ;
જીવ આવે છે ચાહ બીડીએ, પછી જામે રૂડો રંગરે. ચાહ.
કળતર આવે છે કેફ ઉતરે રે, નહિ બગાંસાનો પાર;
આળસ આવે છે ભરી ટોપલા, એવા થઇએ હુંસીયાર રે. ચાહ.
શોભા ગણાય હાથ મુખની રે, જુવો બીડીથી જન્ન;
ધુમ્ર પાનેરે દેવ દેવીઓ, રૂડાં રહે છે પ્રસન્ન રે. ચાહ.
બીડી પીવાથી રૂડી મુખની રે, વ્હાલી આવે છે વાસ;
જાણે ચોટી રે હોઠે ગંદકી, સુંધે જરી નાવે ત્રાસરે. ચાહ.
કાંણાં પડે છે કેક લુગડેરે, હવા હલકી લેવાય;
લાગે ન બાફ સુતાં ચાલતાં, કેવો લાભ આ કેહેવાયરે. ચાહ.
રાત્રે બીડીની ધુનમાં રે, નાખી ઘરમા દેવાય;
ઘરરે વખરીને ઘર આપણું, સાવ નવે નવું થાયરે. ચાહ.
ચાહ શેવ્યે ને શેવ્યે બીડીયોરે, મળે મહિમા જો માન;
વળી આવે છે વ્હેલાં તેડવા, પ્યારા પ્રભુનાં વિમાન રે. ચાહ.
શાસ્ત્રો ભલેને દીએ દાખલા રે, રેહેવા વ્યસનથી દૂર;
તેરે આપણુ શિદમાનીએ, જેમાં મોક્ષ છે જરૂરરે. ચાહ.
અડસઠ તીરથ તે એમાં સમ્યાંરે, સમ્યા વેદ પુરાણ;
સંધ્યા ગાયત્રીને સમાયકો, વદ્યું એથી એનું માંનરે, ચાહ.
સમય આવેલ નહિં ચુકશોરે, ચાહ બીડીનો કોઇ;
ભલે કરે ને બધી દુનિયાં, છાતી કુટી હાય વોયરે. ચાહ.
આથી અનેક તો તરી ગયારે, રાખી અમ્મર નામ;
જન્મ મરણ ભયભાંગીયા, બોલો બોલો સીતારામરે. ચાહ.

બંદા પીએ છે બએ હાથથીરે, પાચે પેહેરીને બુટ;
એકેક લઉં છુંરે ચાનો ઘુંટડો, ઉપર ખેંચું બીડી ફુંકરે. ચાહ.
જતાં જરૂર જુવો બાજરૂરે, રાખું બીડીને સાથ;
તેની પેઠેરે પ્યારા આદરો, માની સાચી મ્હારી વાતરે. ચાહ.
ઉત્તમ જનમ ઇશે આપીઓરે, આપ્યું ઉત્તમ અંગ;
કહો તે કેમરે ગુમાવીએ, છોડી હોટેલનો છંદરે. ચાહ.
કપડાં ઉતારવાં નાં પડેરે, નહિં જોડાની જોડ;
કહોરે કેની મગદૂર છે, ઘેર આવી કાહાડે ખોડરે. ચાહ.

પરોપકાર ફળ.

પીએ બીડી ને પાય જે ઘણીરે, તેને ઘણું પુંણ્ય થાય;
કદિ આવે ન અહિં લોકમાં, દેવ ભેળો ભળી જાયરે. ચાહ.
ડોઝ આપે કદિક ચા તણોરે, કોટી યજ્ઞ ફળ થાય;
પરિયા ઓંતર તેના પાછલ્યા, એકે સ્થળે આવી જાયરે. ચાહ.

મારે શું કરવું !

કહે ત્રિભૂવન સહુ જનોરે, છોડો નહિં છંદ ચાલ;
જેમાં જરૂર જાણે એકદિ, નકી થવાનું છે ન્યાલરે. ચાહ.

દોહરા.

સમજી ચિત્તે વાંચશો, ભુલ ન કરશો ભાઇ;
પુરાણુ છે આ પાંસર્યું, નવ જાશો ગભરાય. ૧
અન્નોક્તિ આલેખ છે, સિધ્ધો ન મળે સ્વાલ;
જે વિચારી વાંચશે, તેજ થવાના ન્યાલ. ૨
જનમ ધર્યો શા કારણે, વાંચો નિચે વાત;
નિજની નજરે આવીઓ, જ્ઞાતવટાળા બાબ. ૩

એકત્રીસા સવૈયા.

ભાઈ ગયા હતા નાટક જોવા, બેઠા હતા બે દેડા સાથ;

મજા પડી હતી ધુમ્રપાનની, વર્ણવું શું હું એની વાત;
ઘડી પછી પડીયું વેકીશન, થીએટરથી આવ્યો બ્હાર;
ત્યાં ચા હાંડીવાળો જોયો, જ્યાં ઢેડા આવ્યા તે વાર; ૧
બ્રાહ્મણીયા ચા પીવા બેઠા, રોકડીયા દે પૈસા બે;
થુંક લગાવી કપને મ્હોડે, કે બ્રાહ્મણીયા બોલાલે;
એ બ્રાહ્મણીએ કપને લીધા, ભરી કરી દીધા તે ઞાત;
જોઇ ઘણો હું મન મુંઝાઓ, કહેવી આતે કોહોને વાત; ૨
ચા પીધા કેડે એ દ્વિજે, બીડી માગી ઢેડા પાસ;
લૈને મુખડે ફુંકી મ્હારી, પ્રગટ્યો ઊરમાં મારા ત્રાસ;
શંકા પેહીલી થઇ હતી મ્હારે, દ્વિજ અભડાયા ઢેડાથી;
આખર જોતાં ઢેડા વટલ્યા, એ દ્વિજોના હેડાથી. ૩

બ્રાહ્મણ એ શું વસ્તુ છે.

હરિગીત છંદ.

તરણતારણ અઘનિવારણ, દ્વિજ રૂડા દેવ છે;
દુનિયાં બધી મુખડે વદે, ઉત્યમ જેની શેવ છે;
બોધ જેનો સાંભળી, ભવસાગરે તરીએ સહુ;
હાય તે કરેછે આમ તો તરશું અરે જઇ ક્યાં કહું, ૧

એકત્રીસા સવૈયા.

ઘાંચી મોચી કુંવાર કોળી, વળી વણીકો પીવા ચાહ;
એકજ સ્થળ બેઠા આવીને, જોઇ પ્રકટ્યો નિજ ઉરમાં દાહ.
કીહાં ગયું ગૌરવ ઞાતીનું, કીહાં ગયો ઞાતીનો ભેદ;
કેમ સહુ સજ્જનો નથી કરતા, જરા જીગર પર આનો ખેદ. ૧

દોહરા.

વટલે છે હાથે કરી, વટલાવેછે જન્ન;
અવળા ધંધા આદરી, હાથે ઉત્તમ જન. ૧

જ્ઞાતી ગૌરવ ઉરમાં, હોય શિરની સાટ;
ધંધા સહુ સિદ્ધા કરો, ઘડો ન અવળા ધાટ.

"તજોરે તમે કેફ કરમ કરવું.—એ રાગ."

તજોરે જનો બીડી તમે પીવી, ચાલેરે નહિ તો મુખડાં લેજો સીવી;
તજોરે જનો બીડી તમે પીવી. ॥ ટેક ॥
આગળ જનો બીડી નહિં પીતા, ધરમ અને શાસ્ત્ર થકી બીતા. તજો.
નહિં પીતા પુત્રો તેના છઇએ, બીડી મુખ કેમજ તે પીએ. તજો.
બીડી પીવા કોઇ નથી કેહેતું, છતાં મન કેમ મુકો વેહેતું. તજો.
ગરમ લાય લાગે ઘણી બીડી, તેના સાથે બાથ શાને ભીડી. તજો.
દુર્ગુણ જેમાં લાખો રહ્યા ચોટી, તેને પીવા ભુલ કરો મોટી. તજો.
બીડીરે થકી હાનીને વિચારો, પછી પીવી પ્યારા ઉરે ધારો. તજો.
બીડી થકી બુદ્ધિ જાયે મા'રી, પીવી લાગે શાને જોને સારી. તજો.
બીડી થકી વાસ આવે માઠી, જાણો નહીં શિક્ષા તમે લાઠી. તજો.
બીડી થકી રોગ અનેક આવે, આવા ભાઇ પીવી શાને ભાવે. તજો.
કરે ખોટી જુવો કરે કામો, ગમે કેમ આનાં અરે નામો. તજો.
બીડી પીવી બંધ તમે રાખો, કરી રાખ નાણાંની નવ નાખો. તજો.
શાણા કેહેવું ઘટતું નથી ઝાઝું જું, વિશેષ કેહેતાં આપ આગળ લાજું. તજો.
સહુ સહુનો ધર્મ તે સંભાળો, સુખી થશો બોલ કહું :પાળો. તજો.
ત્રિભૂવનદાસ તમારો છે, ઇચ્છી હિતજ જન તમારૂં કે. તજો.

દોહરો.

બીડી પીવા જેટલું, ધર્માદામાં ધન્ય;
દેશો હાયે દીનને, જબરૂં થાશે પુન્ય. ૧

પ્રિય વાચકો !

• જ્યાં મન ગમતું દૂધ, ઘીઇ, કઠોળ અને લીલોત્રી શાક મળતું નથી ત્યાં ચાહની અગત્ય છે. અમીર ઉમરાવને અને વિચારબળથી

સદંતર જેને કામ કરવાનું છે, તેને વિરામને માટે ઠીક છે. શિવાય ગધાડાના લીંડા જેટલું અફીણ ગળતા હોય, નિંદ્રા નયણથી અલગ નહી પડતી હોય, ઝોકા ખાતા હોય, દસ્તની હાજત પુરી પાડવાના પ્રસંગે બે ઘુંટણઉપર કોણીઓ ટકાવી લમણાથોભાવી અનેક પ્રકારના સંસ્કારો સાથે સમરણ કરવું પડતું હોય તેને માટે જરૂર છે.

નાટક જોવાની જેને ટેવ પડે છે તે છંદ લાગ્યો કહેવાય છે. અફીણ, કોકીન, માજમ, ગાંજો, દારૂ, બીડી આદી વસ્તુનું સેવન કરવું તેનુ નામ વ્યસન કહેવાય છે. આ વ્યસનો એવાં છે કે તનની, મનની, ધનની ખુહારી કરે છે. તે ઉપરાંત જ્ઞાતી અને ધર્મની ભ્રષ્ટતા કરી બુદ્ધિની પણ ખુહારી કરે છે અને તે એટલે સુધી કે તેનું વળતર થઇ શકતું નથી.

આપણા લોકો પૈકી કેટલાએક શ્રીમાનો લઇ બેઠા છે કે, વિલાયતી સાધન, વસ્તુ, ચીજો, જણસો અને પદાર્થોમાં આપણું નાણું ઘસડાઇ જાય છે. આ લેખક એ માન્યતાને સમજ ફેર સમજે છે. વિલાયતી વસ્તુ, ચીજો, જણસો અને પદાર્થો સૌંદર્યતાથી ભરપુર હોય છે, આંખને થંડક આપનાર મનહર, ઉપયોગી સાથે આપણી સગવડ તેમજ સાધનને વાસ્તે આધાર રૂપ છે, પૈસાના બદલામાં તે મળે છે. પરંતુ ઉપરના છંદને માટે કે વ્યસનને સારૂ જે નાણું જાય છે તેના બદલામાં કશું વળતર હોતું નથી. તેમાંજ આપણા દેશનું નાણું ઘસડાઈ ગયું છે અને જાય છે છતાં કેડે છોકરૂં ને ગામ ગોતવા જેવું કરી વિલાયતી વસ્તુમાં નાણાં ઘસડાઇ જવાનું લુખું લવારાથી બોલી જીભને દોષીત કરવા જેવું કરીએ છીએ. ખરી રીતે જુવો તો નાટક હોટેલ અને પીઠામાંજ નાણાંનો પરાજય થયો છે.

સંપૂર્ણ.

સૂચના.

આ હિંદુહોટેલ પુરાણની પોણા બે માસમાં પાંચ હ[illegible] નકલો ખલાસ થઈ જવાથી સુધારા, વધારા અને ફેરફાર સાથે બી[illegible] આવૃત્તિ બાહાર પાડવામાં આવી છે.

આ પુરાણ આઠમી બ્રહ્મસમાજના ડેલીગેટોને વીરમગામવા[illegible] દવે દલસુખરામભાઇ મગનલાલના તરફથી ઇનામ તરીકે વેહેંચવ[illegible] આવી છે.

સુપ્રસિદ્ધ વકીલ સાહેબ મગનલાલ ચીમનલાલ બી. એ એ[illegible] એલ બી. ના તરફથી તેમજ જરીના સુપ્રસિદ્ધ વ્યાપારી વાડીલાલ[illegible] મગનલાલ તરફથી અને કલોલવાળા કેશવલાલ લલુભાઇ તરફથી તેમજ અનાસણવાળા ડાહ્યાભાઇ પુરશોતમના તરફથી વિશેષ એક ગૃહસ્થનું નામ યાદ નથી તેઓ ઇનામ તરીકે વેહેંચવા લઇ ગયેલ છે.

આ પુસ્તકની વિશેષ પ્રસંશા નહિં કરતાં માત્ર એટલું કહેલું બસ થશે કે, પોણા બે માસમાં પાંચ હજાર નકલો ખપી ગઇ અને સુપ્રસિદ્ધ શ્રીમન્તોએ તેમનો સતકાર કરી ઇનામ તરીકે વહેંચવાના ઉપયોગમાં લીધેલું છે.

આ પુસ્તકની એક આનો કિંમત બાહાર ગામના ગ્રાહકો માટે છે. અમદાવાદના ગ્રહાકો માટેનો ભાવ અમારી મરજી ઉપર રાખેલો છે. મળવાનું ઠેકાણું:—

શ્રીયુત માહાશય ચીમનલાલભાઇ બુલાખીદાસ, શાંતિભુવન રાયપુર દરવાજે, બઉની પોળ, મુ. અમદાવાદ.

જાહેર ખબર.